

# જીવનમાં નકારને સ્થાન જ નથી

**ડૉ. પૂર્ણિમા નાડકર્ણી**
ઇન્ફર્ટિલિટી સ્પેશ્યાલિસ્ટ

> તેમની વાચાળતા, હકારાત્મક અભિગમ નિરાશ સ્ત્રીઓમાં આશાનો સંચાર કરાવે છે આ બધું શક્ય બન્યું છે તેમના 'નેવર સે ડાય એટીટ્યુડથી'

માતૃત્વના કોડ પૂરા કરવા એ કઈ સ્ત્રીની ઈચ્છા ન હોય? કેમ કે, સ્ત્રીમાં એ સર્જનશક્તિ રહેલી છે પણ દરેક સ્ત્રીના ભાગ્યમાં એ સુખ લખાયું હોતું નથી. તો હવે આજના જમાનામાં આવી સ્ત્રીઓ પોતાના ભાગ્યને બદલી શકે છે, એમના ભાગ્યને બદલવાની તાકાત છે ડૉ. પૂર્ણિમાબેન નાડકર્ણીમાં. તેઓ ઇન્ફર્ટિલિટી ટ્રીટમેન્ટના સ્પેશ્યાલિસ્ટ ગણાય છે. તેમણે કરેલી સારવારથી છ હજાર ICSI બાળકો અને ત્રણ હજાર IUI બાળકો જન્મ્યાં છે. અરે, શૂન્ય શુક્રાણુ ધરાવતા પુરુષને ત્યાં પણ આજે બાળકો થયાં છે અને જે ઉંમરે સ્ત્રી મેનોપોઝમાં પ્રવેશી (આ ઉંમરે બાળક જન્મે એવું સ્વપ્નય ન વિચારાય) ગઈ હોય, તેવી ઉંમરની ત્રણસો સ્ત્રીઓને તેમણે માતૃત્વનો અહેસાસ કરાવ્યો છે. આથી વધુ તેમણે પચાસ સરોગસી પ્રેગનન્સીના કિસ્સામાં સફળતા મેળવી છે. આ બધું શક્ય બન્યું છે તેમના 'નેવર સે ડાય એટીટ્યુડથી'!

એકદમ મિલનસાર સ્વભાવનાં ડૉ.પૂર્ણિમાબેન તેના દરેક પેશન્ટ સાથે ધીરજપૂર્વક ફ્રેન્ડ, ગાઈડ અને ફિલોસોફર બનીને વર્તે છે, તેમની વાચાળતા, તેમનો હકારાત્મક અભિગમ નિરાશ સ્ત્રીઓમાં આશાનો સંચાર કરે છે. મૂળ મહારાષ્ટ્રનાં પૂર્ણિમાબેને પાંત્રીસ વર્ષ પહેલાં કિલ્લા પારડીમાં નાડકર્ણી હોસ્પિટલ અને ટેસ્ટટ્યુબ બેબી સેન્ટર શરૂ કર્યું હતું. અહીંના સ્થાનિકો વચ્ચે કામ કરતા કરતા તેમની ખ્યાતિ દેશ-વિદેશમાં પ્રસરી, તેમને ત્યાં પાકિસ્તાન, બાંગ્લાદેશ, ઈરાક, ન્યૂઝિલેન્ડ, યુકે, યુએસએ, કેનેડા... વગેરે દેશોમાંથી આવેલી સંતાન ઈચ્છુક સ્ત્રીઓને પોઝિટિવ રિઝલ્ટ મેળવી આપ્યું છે. એમનાં ઘરોમાં બાળકોની કિલકારીઓ સંભળાય છે. આજે કિલ્લા પારડી પછી વલસાડ, સુરત અને વાપીમાં તેમણે બ્રાંચ ખોલી છે. '21st સેન્ચુરી હોસ્પિટલ અને ટેસ્ટટ્યુબ બેબી સેન્ટર' નામે તો તેમની હોસ્પિટલ કાર્યરત છે જ, હવે સુરતમાં નિમયા હોસ્પિટલ - ફક્ત સ્ત્રીઓ માટે, સ્ત્રીઓ વતી, સ્ત્રીઓ વડે ચાલનારી હોસ્પિટલ તૈયાર થઈ રહી છે. તેમના દરેક કાર્યમાં તેમના પતિ ડૉ.કિશોર નાડકર્ણી (જે જનરલ સર્જન અને ઇન્ફર્ટિલિટી સ્પેશ્યાલિસ્ટ છે) નો સાથે સતત મળ્યો છે. તેમની સફળ કારકિર્દી સાથે તેમનાં ત્રણે બાળકો પણ તેમના રસ્તે આગળ વધી રહ્યાં છે. તેમની દીકરી ડો. પૂજા ગાયનેકોલોજીસ્ટ છે અને હવે તે સુરતમાં IVF સેન્ટર ચલાવે છે. તેમનો દીકરો ડૉ. અક્ષય કેન્સર સર્જન છે તે અને તેની પત્ની ડૉ. અદિતિ વલસાડ, વાપીમાં સેવા આપે છે. તેમનો બીજો દીકરો ડૉ. વૈભવ એમ.એસ. પૂર્ણ કરી ઉદેપુરથી અહીં આવી રહ્યો છે. આમ તેમનું સમગ્ર કુટુંબ મેડિકલ ક્ષેત્રે કાર્યરત છે.

ડૉ. પૂર્ણિમાબેને સતત કામ કર્યું છે તો તેમને નેશનલ લેવલે, ઈન્ટરનેશનલ લેવલે અનેક એવોર્ડથી નવાજાયાં છે. તેમના વેસેક્ટોમી થર્મલ બલૂન થેરાપી, સર્જીકલ ટ્રીટમેન્ટસ ફોર મેલ ફેક્ટ ઈન્ફર્ટિલિટી જેવા પેપર્સ, જર્નલ્સ પ્રકાશિત થઇ ચૂક્યાં છે. તે સતત એટલે કે ૨૪ × ૭ કાર્યરત રહે છે. વર્કોહોલિક પૂર્ણિમાબેન તેમના સરોગસીના એક કિસ્સાને યાદ કરતા રહે છે કે એક દીકરીને તકલીફ હતી તો તેની માની કૂખમાં તેમણે તેના બાળકને જન્મ અપાવ્યો હતો. આ નાનીમા સરોગસી કિસ્સા ઉપરાંત ઘણા કિસ્સાઓ એ યાદ કરે છે.

તેમની હોસ્પિટલમાં તા. ૧૧/૧૧/૧૧ -૧૧ બાળકો, ૧૨/૧૨/૧૨-૧૨ બાળકો અને ૧૩/૧૩/૧૩-૧૩ બાળકોની સફળ ડિલિવરી થઇ હતી. જેની વર્લ્ડ રેકોર્ડમાં નોંધ છે. ગમે એટલા ક્રિટિકલ સંજોગો હોય, તેમણે ક્યારેય નિષ્ફળતા નથી મેળવી. આ સફળતા તેઓ પોતાના કુલ એન્ડ કામ સ્વભાવથી મેળવી રહ્યા છે. તેમને ક્યારેય ગુસ્સો આવતો નથી. ગમે તેવી પરિસ્થિતિમાં પણ તેમણે મજબૂત મનથી કામ કર્યું છે. તેઓ જાતે જ કામ કરવામાં માને છે, ક્યારેય કોઈ પાસે અપેક્ષા રાખતાં જ નથી. તેઓ કહે છે, 'કર્મ કરવું , પછી બાકીનું ઈશ્વર પર છોડી દેવું' આ એટીટ્યુડથી તેમણે મન, મગજ સ્ટ્રોંગ રાખ્યાં છે અને એક ડૉક્ટર તરીકે સતત એથિકલ પ્રેક્ટિસ કરી છે. સો ટકા વુમન રોલ પ્લે કર્યો છે. સફળ પત્ની, સફળ માતા, સફળ ડૉક્ટર તરીકે તેમણે કામ કર્યું છે અને સફળતા મેળવી છે.

વધુ જાણવા QR સ્કેન કરો



Sweat plus sacrifie equals success. - Charlie Finky